અછત/અર્ધ અંછત જાહેર થયેલ ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કરથી પીવાનું પાણી આપવાનો દર વ્યક્તિદીઠ ઓછામાં ઓછો ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર રાખવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અછત/૧૦૨૦૦૦/૧૨૬૬/ખ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૮-૪-૨૦૦૦

વંચાણે લીધા : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ પત્રાંક :- ૧૦૯૫/૨૪૮૦/પી, તા. ૧૪/૩/૯૬.

ઠરાવ :-

પીવાના પાણીની તંગી હોય તેવા અછત/અર્ધ અછત જાહેર થયેલ વિસ્તારોમાં ટેન્કર/ એચ.ડી.પી.ઈ.ટાંકીઓ મારફતે વંચાણે લીધેલ ઠરાવથી વ્યક્તિદીઠ (પશુ સહિત) દૈનિક ૨૦ લીટર પાણી આપવાનું ધોરણ અમલમાં છે. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે આવા વિસ્તારોમાં વ્યક્તિદીઠ (પશુ સહિત) દૈનિક ૨૦ લીટરને બદલે ઓછામાં ઓછુ ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર પીવાનું પાણી ટેન્કર/એચ.ડી.પી.ઈ. ટાંકી મારફતે આપવાનું આથી ઠરાવવામ આવેછે.

આ ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

વંચાણે લીધેલ ઠરાવમાં જણાવેલ અન્ય શરતો આ ઠરાવમાં પણ લાગુ પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની મહેસૂલ અને નાણાં વિભાગની તા.૨૬/૪/૨૦૦૦ થી નોંધથી મળેલ સહમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ.વ્ર.માંકડ)
અધિક સચિવ અને મુખ્ય ઈજનેર(પા.પુ.)
નર્મદા, જળસંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ

નકલ રવાના પ્રતિ :

૧. માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. મંત્રીશ્રી(સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રાજય કક્ષા મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન. નાયબ મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રીઓ (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. સચિવશ્રીઓ (સર્વે) સચિવાલય, ગાંધીનગર
૯. રાહત કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૬, ગાંધીનગર
૧૧. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૬, ગાંધીનગર
૧૨. મુખ્ય ઈજનેરશ્રી ઝોન-૧-૨ અને ૩ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ, વડોદરા, અમદાવાદ અને રાજકોટ.
૧૩. મુખ્ય ઈજનેરશ્રી (પ્લાનીંગ), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
૧૪. મુખ્ય ઈજનેરશ્રી (અછત), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
૧૬. કલેકટરશ્રી સર્વે
૧૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે
૧૮. અધિક્ષક ઈજનેરશ્રી અને સંયુકત નિયામકશ્રી, વોટર ટેન્કર તંત્ર, સચિવાલય, ગાંધીનગર
૧૯. સેકશન અધિકારીશ્રી, (સ.૪ શાખા) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨૦. સિલેકટ ફાઈલ.